# 8 - બિરબલની યુક્તિ

## બિરબલની યુક્તિ – નાટ્યરૂપાંતર

**દ્રશ્ય-1**

(રાજા અકબર ઝરૂખામાંથી નીચે જૂવે છે.એક નોકર ઝાડુથી ચોગાન વાળી રહ્યો છે. બાદશાહને જોઇ પોતાના માથા પરના રૂમાલથી મોં ઢાંકી દે છે.)

બાદશાહ : (મનમાં, ધીમેથી બોલે) ઊં....હ... સવારના પહોરમાં આ માણસનું મોં જોયું નક્કી મારો દહાડો બગડવાનો.

રાણી : અરે નામદાર, દાતણપાણી થયા કે નહીં? શિરામણ તૈયાર છે.

બાદશાહ : હા, બેગમ.  લ્યો આ પહોંચ્યો.. . આપો શિરામણ

(રાજા હિંચકા પર/ખુરશી પર બેસે છે. રાણી થાળીમાં શિરામણ પીરસતાં હોય)

(સેનાપતિનો પ્રવેશ)

સેનાપતિ : બાદશાહ સલામત, સલામ માલેકુમ. આપણા રાજ્ય પર બુંદેલખંડનો રાજા લશ્કર લઈ ચડી આવ્યો છે. (રાજા નાસ્તો છોડી, થાળીમાં જ હાથ ધોઈ ઉભા થાય છે.)

બાદશાહ : સેનાપતિ શું મઝાલ છે એ બુંદેલખંડના રાજાની? હું જાતે જ યુદ્ધના મેદાનમાં આવું છું. આજે સવારમાં એક કાળમુખાનું મોઢું જોયું છે, એટલે દહાડો બગડવાનો જ.

સેનાપતિ : જી. હજૂર.

(બાદશાહ – સેનાપતિ જાય છે. રાણી અને બે દાસીઓ વાતો કરે છે)

રાણી : જૂઓને ચંપા, આ બાદશાહ પણ કેવા છે ? લડવા ગયા પણ પૂરો શિરામણ પણ ના કર્યો.

ચંપા : હા, રાણી સાહેબા. આજે રાજા સાહેબ કાંઈક ચિંતામાં હતા.

(બાદશાહનો પ્રવેશ)

રાણી : અરે, જહાઁપનાહ તમે તો હાલ ગયા ને હાલ પાછા વળ્યા.

બાદશાહ : હા, બેગમ. હું જાતે જ યુદ્ધ કરવા જાઉં છું. એ સાંભળીને બુંદેલખંડનો રાજા ઉભી પૂંછડીએ ભાગી ગયો પણ બેગમ ભૂખ ખૂબ લાગી છે. જલદીથી ભોજન પીરસો.

રાણી : જી. હાલ ભોજનનો થાળ લાવું.

(દાસી ભોજન લાવે છે, રાજા પાટલા પર બેસી ભોજન જમે છે.)

બાદશાહ : વાહ ! શુભાનલ્લાહ્, આજ તો પકવાન બહુ બઢીયા બનાયા હૈ....

રાણી : (બુમો પાડતી) અરે... અરે જહાઁપનાહ ઉઠો...ઉઠો મારા ભાઈને સાપ કરડ્યો છે, એને સાપ ઉતારનારને ઘરે લઈ જવાનો છે. ચાલો જલદી જઈએ.

રાજા : (પાટલી પરથી ઉભા થતાં)હા... ચાલો,

<u>દ્રશ્ય-2</u>

(રાજા સાળાના ઘરે પહોંચે છે. લોકોનું ટોળું છે. સાળો મરેલો સુવાડેલ છે. રાજા સાળાનું મોઢું ખોલી જૂવે છે)

હે.... ખુદા... રહેમત કર.... અલ્લાહ... બિસ્મલાહ.... એ ભાઈ જનાજો તૈયાર કરો. ખુદાના ધામમાં મૈયતને મોકલી આપીએ.

(બધા જનાજો ઉચકી જાય છે)

<u>દ્રશ્ય-3</u>

રાજા : રાણી સાહેબા, ખુદાને જે મંજૂર હતું તે થયું. પણ આજ સવારનો એક કોળિયો જ ભોજનનો ગયો છે. જલદી ખાવાનું પીરસો. હવે તો રાત પડવા આવી છે.

રાણી : જી. જહાઁપનાહ, હાલ જ દાસી ભોજન લઈને આવે છે.

(રાજા પાટલા પર બેઠા છે. દાસી ભોજન પીરસે છે)

રાજા : (ભોજન ચાલુ કરે છે) (ઉપરથી એક ગરોળી થાળીમાં પડે છે) (રાજા બુમ પાડતાં) કેવો કમનસીબ દિવસ છે આ થાળ ઉપાડી લો. મને ઝટ બીજો થાળ આપો.

(પહેલી થાળી દાસી લઈ જાય છે, બીજી થાળી આવે છે. રાજા બોલે છે)

રાજા : સાલુ, આજે પેલા કાળમુખાનું મોઢું જોયું ને આખો દિવસ બગડ્યો. અરે કોઈ હૈ?

(બે સિપાઈ હાજર થાય છે. રાજાને ઝૂકીને નમન કરે છે)

સિપાઈ : જી હજૂર...!

રાજા : જાઓ, પકડી લાવો પેલા અપશુકનિયાળને, આજ સવારમાં એનું મોઢું જોયું છે ત્યારથી આ કમનસીબી ઊભી થઈ છે. એને કેદમાં પૂરી દો અને સવારે એને ફાંસીએ ચડાવી દેજો.

(રાજા ભોજન જમીને ઉભા થયા)

**દ્રશ્ય-4**

સિપાઈ : (પેલા માણસને પકડ્યો છે, તેના બાળકો, પત્ની રડે છે)

જહાઁપનાહને આજ સવારે કાળમુખુ મોઢું બતાવવા બદલ તને ફાંસીની સજા થાય છે. ચાલ આજ રાત કેદખાનામાં.

પેલો માણસ : રહેમ કરો.... રહેમ કરો.. ભાઈ મારો કોઈ ગુનો નથી.

(સિપાઈ એને આગળ લઈ જાય છે)

બિરબલ : અરે, ઉભા રહો.. શું થયું છે ભાઈ ? તારો વાંક શું છે ?

(પેલો માણસ બિરબલને કાનમાં કહેતો હોય, બિરબલ પેલા માણસને કાનમાં કહેતો હોય)

**દ્રશ્ય-5**

(પેલા માણસને ફાંસીના માંચડા પાસે ઉભો રાખવામાં આવ્યો છે. બે ત્રણ સિપાઈ પાસે ઉભા છે.)

સિપાઈ : બોલ, તારી છેલ્લી ઈચ્છા શું છે?

પેલો માણસ : મારે બાદશાહ સલામતના દર્શન કરવા છે.

સિપાઈ : ચાલો, આની આખરી ઈચ્છા પૂરી કરવામાં આવે.

(સિપાઈઓ એને રાજા પાસે લઈ જાય છે)

**દ્રશ્ય-6**

(રાજા ગાદી પર બેઠા છે. બિરબલ ઉભો હતો. સિપાઈ પેલા માણસને લઈને આવે છે)

રાજા : અલ્યા, તારું અપશુકનિયાળ મોં મેં ગઈકાલે સવારે જોયું એટલે મારો આખો દિવસ બગડ્યો. મારે આખો દહાડો ભૂખ્યા રહેવું પડ્યું એટલે જ તને ફાંસીની સજા કરી છે.

પેલો માણસ : નામદાર ! આપે કરેલી સજા માટે તો મારે કશું જ કહેવાનું નથી પણ ગઈકાલે સવારે જેમ આપે મારું મોઢું જોયું હતું તેમ મેં આપનું મોઢું જોયું હતું. તેથી મારે તો કેદખાને પડવાનું થયું અને આજે ફાંસીએ ચડવાનું થયું. તો આપ જ ન્યાય કરો કે આપણાં બેમાં વધારે અપશુકનિયાળ કોણ ? અને જો ન્યાયાધીશ મને ફાંસીની સજા કરશે તો આપને એ કઈ સજા કરશે?

રાજા : (મનમાં વિચારતાં) બિરબલ, આને આ જવાબ શીખવનાર તારા સિવાય બીજો કોઈ ન હોય. એની વાત સાચી છે. શુકન-અપશુકનનો ખોટો વહેમ રાખીને એ બિચારાને હું અન્યાય કરી બેસત. જે થયું તે સારું થયું. એને છોડી દો અને સરપાવ આપી માનભેર ઘરે પહોંચાડી દો.